BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# ભવિષ્યનો પાયો નાખતા 2023ના બજેટને સિટી ઓફ બ્રૅમ્પટનની મંજૂરી

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (10 માર્ચ 2023) – બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે ગઈ કાલ વિશેષ કાઉન્સિલ સભામાં 2023 ના ઓપારેટિંગ અને કેપિટલ બજેટને સર્વાનુમતે મંજૂરી આપી હતી.

મંજૂર થયેલ બજેટમાં કેપિટલ પરિયોજનાઓ માટે $496 મિલિયન અને અનામત નીધિ માટે વિક્રમી $134 મિલિયનની ફાળવણીનો સમાવેશ છે, અને સાથે જ બીજી હોસ્પિટલ અને એક નવા કેન્સર કેર સેન્ટર સહિત ઐતિહાસિક આરોગ્ય કાળજી નિર્માણ અને સમર્થન ચાલુ રાખવામાં આવશે.

મંજૂર કરેલ ઓપરેટિંગ બજેટના $845 મિલિયન મિલકત વેરાના સિટીના હિસ્સા પર સિટીની સેવાઓ માટે 2.9 ટકાના વધારામાં પરિણમે છે એટલેકે સરેરાશ પ્રત્યેક ઘરદીઠ $177 જેટલી રકમ બરાબર. રિજન ઓફ પીલ માટેનો 2.8 ટકાનો વાધારો અને સ્કૂલ બોર્ડનો 0 ટકાના વધારાનો સરવાળોસામેલ કરતા. સરેરાશ રહેઠાણની મિલકત પર બ્રૅમ્પટનમાં કુલ મિલકત વેરાનો વધારો $321 થશે.

2023 અંદાજપત્રના મુખ્ય **મુદ્દાઓ (Budget Highlights)**

*ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોગદાન*

- ડાઉનટાઉન પુનરુત્થાન માટે ત્રણ વર્ષમાં $21 મિલિયન
- પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર / વેટેરન અને પ્રથમ હરોળના પ્રતિભાવકર્તાઓ માટે પ્રોગ્રામ સાથેના એનિમલ શેલ્ટરની સ્થાપના માટે $3.5 મિલિયન
- કલા અને સંસ્કૃતિ માટે $2.6 મિલિયન

*આરોગ્ય કાળજી: આપણો ન્યાયી હિસ્સો*

- બ્રૅમ્પટન માટે બીજી હોસ્પિટલ અને નવા કેન્સર કેર સેંટરના બાંધકામના સમર્થનમાં હોસ્પિટલ લેવિ ચાલુ રહેશે.
- $4.9 મિલિયન વાર્ષિક યોગદાન
- $20 મિલિયન ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટી મેડિકલ સ્કૂલ માટે સમર્થન

*ટ્રાન્ઝિટ અને આબોહવા પરિવર્તન*

- બ્રૅમ્પટનની ત્રીજી ટ્રાન્ઝિટ સવલતના વિદ્યુતિકરણ અને બ્રૅમ્પટનની પ્રવર્તમાન સેન્ડલવૂડ ટ્રાન્ઝિટ સવલતના વિદ્યુતિકરણ રેટ્રોફિટ માટે $210 મિલિયન

- $15.4 મિલિયન ચિંગકુઝી રોડ કોરિડોર પર ઝૂમ સર્વિસ વિસ્તરણ માટે

*કમ્યુનિટી સલામતી અને સુખાકારી*

- 24 નવા પૂર્ણકાલિક ફાયર ફાઇટરો
- $6,50,000 કરતા વધુ રકમ કમ્યુનિટી સેફ્ટી એક્શન પ્લાન માટે
- નવા અગ્નિશમન સાધનો અને વાહનો માટે $8 મિલિયન
- યાતાયાત સ્વસ્થ કરવાના પગલાં માટે $1.2 મિલિયન

*પાર્ક અને રિક્રિએશન*

- નવા સ્પોર્ટ્સ ફિલ્ડના બાંધકામ સહિત હાવડન રિક્રિએશન સેંટર ના પુનઃવિકાસ માટે $24 મિલિયન
- ક્રિકેટ, સોકર, ટેનિસ ફિલ્ડ અને ગોર મેડોઝમાં મકાનોના વિકાસ માટે $9 મિલિયન.
- સિટીના વન મિલિયન ટ્રીઝ પ્રોગ્રામનું સમર્થન કરતા અર્બન ફોરેસ્ટ કેનપી પ્રોગ્રામ (શહેરી વન છત્ર કાર્યક્રમ) માટે $1.2 મિલિયન
- આખા શહેરમાં નવા અને પ્રવર્તમાન ઉદ્યાનો માટે $13.25 મિલિયન

*આપણા સમુદાય દ્વારા સાકારિત*

વિવિધ ચેનલો મારફત સિટી પ્રતિભાવ એકત્રિત કરતા રહે છે જેનાથી આપણા અંદાજપત્રને સાકાર કરવામાં મદદ મળે છે:

- 311 ફોન કૉલ, ઈમેલ, અને સોશ્યલ મિડિયા
- બિઝનેસ વર્ચુઅલ રાઉન્ડટેબલ ફેબ્રુઆરી 23 અને 24ના રોજ જેમાં વિવિધ ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરતા લોકો હાજર રહ્યા
- 8,375 સહભાગીઓ સાથેના બજેટ વિશિષ્ટ ટેલિફોન ટાઉન હૉલ્સ ફેબ્રુઆરી 7ના રોજ થયા અને 5,492 સહભાગીઓ સાથે ફેબ્રુઆરી 25ના રોજ થયા

સિટી ઓફ બ્રૅમ્પટનના 2023 બજેટ વિશે વધુ માહિતી માટે અહીં મુલાકાત લો www.brampton.ca/budget.

**સુવાક્યો**

"અમારું 2023નું બજેટ વિકાસ તરફ સમતોલ અભિગમ અપનાવે છે અમે અમારી સમક્ષ રહેલ પરિવર્તનશીલ અવસરો પર આપાણા નક્કર ભવિષ્યના પાયા નાંખવા હેતુ પગલાં લઈએ છીએ. અનામત નીધિ માટે વિક્રમી યોગદાન, ટ્રાન્ઝિટ માટે વધુ સમર્થન અને નવા પીલ મેમોરિયલ હોસ્પિટલ અને કેન્સર સેંટર તરફ આગેકૂચ કરી રહ્યા છીએ ત્યારે સ્થાનિક આરોગ્યસંભાળ નીધિયનમાં ઐતિહાસિક રોકાણ કરીને અમે વધુ સ્વસ્થ અને જોડાયેલા સમુદાયોના સર્જન માટે સમર્પિત છીએ."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, પ્રમુખ બજેટ સમિતિ, સીટી ઓફ બ્રૅમ્પટન*

"બધાં રહેવાસીઓ માટે આ એક એવું અંદાજપત્ર છે જેમાં જવાબદારીભર્યો અભિગમ છે; એક એવું અંદાજપત્ર જે GTAની પાલિકાઓ વચ્ચેની આપણી સ્પર્ધાત્મકતાને બળ પ્રદાન કરે છે. સિટીના કર્મચારીઓએ તે સુનિશ્ચિત કરવા ખૂબ મહેનત કરી છે કે ચાર વર્ષથી કોઈપણ વેરામાં વધારા ન હોવા છતાં, એવા આયોજન બહાર પડી શકે છે જે યોગ્ય હોય અને સાચા અર્થમાં બ્રૅમ્પટનવાસીઓના જીવન અને વ્યવસાયોને ઉન્નત કરે છે.

- *પૉલ વિસેન્ટ, રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 1 અને 5; ઉપ પ્રમુખ, બજેટ સમિતિ, સીટી ઓફ બ્રૅમ્પટન*

"સિટીનું 2023નું બજેટ બ્રૅમ્પટનના ભવિષ્યનો પાયો ઊભો કરે છે. આપણે તમામ લોકો માટે સર્જી રહ્યા છીએ અદ્યતન, સમાવેશી અને સ્વસ્થ સમુદાયો જેને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અગ્નિશમન, ટ્રાન્ઝિટ અને એવી અનેક સેવાઓના આપણા રોકાણોનું પીઠબળ છે જે રહેવાસીઓ આવતા અનેક વર્ષો સુધી માણી શકશે. અમે જે પણ કરીએ છીએ તેના હાર્દમાં હંમેશા લોકો રહ્યા છે, જેમાં સામેલ છે બજેટનું આયોજન જેમાં અમે રહેવાસીઓની ત્રણ મુખ્ય સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે એટલેકે આરોગ્ય સંભાળ, સલામતી અને વેરાના નીચા સ્તર.

- *માર્લન કલિડીન, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (Marlon Kallideen, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે. અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

મિડિયા સંપર્ક (MEDIA CONTACT):
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca